# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૬-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી-બીજા તબક્કાનું મતદાન :

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે ઝડપી મતદાન થવાના અહેવાલ છે.આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની 88 લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.જેમાં કેરળમાં 20, કર્ણાટકમાં 14, રાજસ્થાનમાં 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્યપ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને મણિપુરમાં એક-એક બેઠકનો સમાવેશ થાય છે.

મોટાભાગના મતવિસ્તારોમાં આજે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયું હતું અને સાંજે 6 વાગ્યે પૂર્ણ થયું. કુલ 16 કરોડ મતદારો માટે 1 લાખ 67 હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે પહેલા તબક્કામાં 102 સીટો પર 19 એપ્રિલે મતદાન થયું હતું. સાતમા અને અંતિમ તબક્કામાં 1 જૂને મતદાન થવાનું છે. લોકસભા ચૂંટણીના પરિણામો 4 જૂને મતગણતરી બાદ આવશે.

**RNU અમદાવાદ**

---

## ચુંટણી ખર્ચ :

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં અસરકારક ચૂંટણી ખર્ચની દેખરેખ માટે ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર આવકવેરા વિભાગને ચૂંટણી પ્રક્રિયા

દરમ્યાન કાળા નાણાનો ઉપયોગ, જાહેર ન કરાયેલ રોકડ, ઝવેરાત અને અન્ય અપ્રગટ સંપત્તિના વ્યવહાર પર કડક તકેદારી રાખવા જણાવાયું છે.

જેના ભાગરૂપે અમદાવાદની આવકવેરાની કચેરી ખાતે 24 કલાક કંટ્રોલરૂમ તથા ફરિયાદ મોનીટરીંગ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જેનો ટોલ ફ્રી નંબર છે. 1800 – 599 – 99999 લેન્ડ લાઇન નંબર – 079 – 29911052/53/54/55 છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------------------

## હાજીપીર મેળો :

ગૌમાતાના રક્ષણ માટે શહીદી વહોરનાર કચ્છની રણકાંધીએ સોઢ્રાણાના શહેનશાહ તેમજ કોમી એકતાના પ્રતીક હાજીપીરનો લોકમેળો આવતીકાલ તારીખ ૨૭ થી ૨૯ એપ્રિલ દરમ્યાન યોજાવાનો છે.ત્યારે રણવિસ્તારમાં બાબાની દરગાહે માથું ટેકવવા આવતાં પદયાત્રીઓનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે.તો તેની સેવામાં અનેક સેવા કેમ્પો રાત-દિવસ ધમધમી રહ્યા છે.આવતીકાલે વિધિવત ખુલ્લો મુકાનાર આ મેળા માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.પંચાયત દ્વારા ૨૫૦ થી ૩૦૦ પ્લોટની ફાળવણી કરાઈ છે.

**NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------

## SVEEP-કચ્છ :

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ વધે અને મતદાનની ટકાવારી ઉંચી આવે તેવા હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શનમાં કચ્છ જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.ગાંધીધામ તાલુકામાં મતદાન જાગૃતિ માટે સમજણ આપવામાં આવી હતી.તેમજ મતદાર

કાપલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારોને મતદાનનું મહત્વ સમજાવીને ચોક્કસપણે મતદાન કરવા અપીલ કરાઇ હતી.

**માહિતી ખાતું**

---

## કચ્છ-MCMCની મુલાકાત :

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે જિલ્લાકક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મીડિયા મોનિટરિંગ કમિટી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમની ખર્ચ ઓબ્ઝર્વર કે. અશોકકુમારે મુલાકાત લીધી હતી.એમસીએમસી કંટ્રોલરૂમની ખાતે ટીવી ચેનલોનું રાઉન્ડ ધ ક્લોક મોનિટરીંગ, દૈનિક ચૂંટણીલક્ષી મીડિયા અહેવાલ વગેરે બાબતોથી એમસીએમસી કમિટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયાએ ઓબ્ઝર્વરને અવગત કરાવ્યા હતા.ઓબ્ઝર્વર્સએ મુલાકાત કરીને મીડિયા મોનિટરીંગની કામગીરી અંગે જરૂરી વિગતો મેળવીને સંબંધિત જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**માહિતી ખાતું**

---

## કચ્છ-દિવ્યાંગ-વૃદ્ધ મતદાન :

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે ભારતના ચુંટણીપંચ દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા મુજબ ગઈકાલ તારીખ ૨૫ એપ્રિલ થી દીવ્યંગો અને ૮૫ વર્ષની વયના મતદારોના ઘરે જઈને કચ્છમાં મતદાન કરાવામાં આવ્યું હતું.કચ્છ જીલ્લા ચુંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં કુલ ૧૦૭ જેટલી પોલીંગ ટીમ માઈક્રો ઓબ્ઝર્વર પોલીસ તથા વિડીયોગ્રાફર સહિતનો સ્ટાફ ઘરે જઈને મતદાન કરાવી રહ્યા છે.જે ૨૮ એપ્રિલ સુધી ચાલશે.

NP-જાગૃતિ વકીલ

---

## વરસાદ :

હવામાન વિભાગે ગુજરાતમાં પાંચ દિવસ 42 ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરી છે.બીજી તરફ આજે સવારથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે.માવઠાને કારણે કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે.નવસારીમાં બીલીમોરા,નર્મદા જીલ્લામાં ડેડીયાપાડા,દક્ષીણ પંચમહાલ,માંડવી,ઉમરપાડામાં ધોધમાર વરસાદ તો,વડોદરામાં છુટાછવાયા ઝાપટાં પડતાં ગરમીમાં રાહત અનુભવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છેકે,દેશના ઉત્તર ભાગમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સને કારણે ગુજરાતના દક્ષિણ ભાગમાં વરસાદી છાંટા વરસ્યા છે.

NP-જાગૃતિ વકીલ

---